U.S. Small Business Administration

# સામુદાયિક નેવિગેટર પાઇલોટ કાર્યક્રમ

## વારંવાર પૂછાતા પ્રશ્નો | 10/28/21

બાઇડેન-હેરિસ એડમિનિસ્ટ્રેશન રાષ્ટ્રના નાના વ્યવસાયોને ફેડરલ રાહત કાર્યક્રમોને ઍક્સેસ કરવા માટે તેમને જરૂર હોય તેવો સહકાર પ્રાપ્ત થાય તે સુનિશ્ચિત કરવા માટે કટિબદ્ધ છે જે તેમને કોવિડ-19 મહામારીના કારણે આર્થિક મંદીનો સામનો કરવામાં મદદ કરી શકે છે. આ ટેકનિકલ સહાયતા મહત્વપૂર્ણ છે, કારણ કે નાના વ્યવસાયોને ગયા વર્ષ દરમિયાન સખત ફટકો પડ્યો હતો, જેના કારણે ઓછામાં ઓછા 400,000 વ્યવસાયોને અસર પડી છે. ગયા વર્ષે આર્થિક રાહતના અગાઉના તબક્કાઓથી લાખો નાના ઉદ્યોગોને ટકી રહેવામાં અને કર્મચારીઓને પેરોલ પર રાખવામાં મદદ મળી હતી, તેમ છતાં ઘણા લઘુમતી-માલિકીના વ્યવસાયો અને માતા અને પિતા પોતે હરોળમાં છેવાડે ઉભા હોય તેવું તેમને લાગ્યું હતું, જ્યારે મોટા, સારી રીતે જોડાયેલા વ્યવસાયોએ તરત જ પ્રોગ્રામ્સ ઍક્સેસ કર્યા હતા. આ નાના વ્યવસાયો સુધી વધુ સારી રીતે પહોંચવા માટે, SBA દ્વારા સામુદાયિક નેવિગેટર પાઇલોટ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે જે પોતાના સમુદાયોમાં ઊંડા મૂળ ધરાવતી સંસ્થાઓ સાથે ભાગીદારી કરીને સેવાઓથી વંચિત વ્યવસાયો સુધીની પહોંચને મજબૂત બનાવશે.

### 1. SBAનો સામુદાયિક નેવિગેટર પાઇલોટ કાર્યક્રમ શું છે?

2021ના અમેરિકન રેસ્ક્યૂ પ્લાન એક્ટ દ્વારા સ્થાપિત આ કાર્યક્રમમાં નાના વ્યવસાયોને મદદ કરવા માટે ગ્રામીણ અને શહેરી સમુદાયો સહિત વયસ્કો, મહિલાઓ અને સામાજિક અને આર્થિક રીતે લાભ વંચિત વ્યક્તિઓ દ્વારા માલિકી હોય તેના પર ધ્યાન કેન્દ્રિત કરીને સામુદાયિક નેવિગેટર અભિગમનો ઉપયોગ કરવામાં આવશે. કાર્યક્રમમાં "સ્પોક" સંસ્થાઓના નેટવર્કના કેન્દ્ર સ્થાને લીડ "હબ"નો સમાવેશ થાય છે જે આર્થિક રિકવરી દરમિયાન નાના વ્યવસાયો સાથે કામ કરવા માટે સમુદાયના હિમાયતીઓને નિયુક્ત કરે છે. રિકવરી સેવાઓમાં વ્યવસાયોને સ્થિર થવામાં અને વિસ્તરણ કરવામાં મદદરૂપ થવા માટે ટેકનિકલ સહાયતાના અન્ય ક્ષેત્રો ઉપરાંત નાણાકીય સહાય, મૂડી સહાય સુધીની પહોંચ, કરાર અને પ્રાપ્તિ સહાય, માર્કેટિંગ, કામગીરી અને વ્યવસાય વિકાસ, નિકાસ અને આયાત અને ઉદ્યોગ વિશિષ્ટ તાલીમ સામેલ થઇ શકે છે.

### 2. હબ અને સ્પોક મોડેલની ઉત્પત્તિ શું છે?

હબ અને સ્પોક મોડલ એ સામુદાયિક નેવિગેટર મોડલનો એક ભાગ છે - જેનો અર્થ સ્મૉલ બિઝનેસ એક્ટ (15 USC 636(a)(36)(A))ની કલમ 7(a)(36)(A) માં વ્યાખ્યા આપ્યા અનુસાર સામુદાયિક સંગઠન, સામુદાયિક નાણાંકીય સંગઠન. અથવા સામુદાયિક નેવિગેટર સેવાઓ જેમકે - સમુદાય નેવિગેટર્સ દ્વારા પૂરી પાડવામાં આવતી પહોંચ, શિક્ષણ અને ટેકનિકલ સહાય કે જે SBA ના કાર્યક્રમોની જાગૃતિ અને તેમાં ભાગીદારી વધારવા માટે પાત્ર વ્યવસાયોને લક્ષ્ય બનાવે છે- તેના અમલમાં જોડાયેલ અન્ય ખાનગી બિનનફાકારક સંસ્થા છે.

- હબ અને સ્પોક મોડલનો હેતુ વિશ્વસનીય સામુદાયિક સંસ્થાઓનું એવું નેટવર્ક બનાવવાનો છે જે નાના વ્યવસાયોને તેમની વૃદ્ધિના તમામ તબક્કે સંસાધનોને નેવિગેટ કરવામાં મદદ કરવા માટે તેમની સીધી ઍક્સેસનો લાભ લઈ શકે છે.
- હબ – મુખ્ય સંગઠન છે અને ગ્રાન્ટ વ્યવસ્થાપન તેમજ સ્પોકના નેટવર્કને ગતિશિલ બનાવતા અનુદાન પ્રાપ્તકર્તા છે.
- સ્પોક – પાયાના સ્તરનું સંગઠન હોય છે જે નાના વ્યવસાયોને જોડે છે અને તેઓ જ્યાં છે ત્યાં તેમની સાથે મીટિંગ કરે છે.

### 3. નેવિગેટર્સ કોને સેવા આપશે?

તમામ નાના વ્યવસાયો પાત્રતા ધરાવતા હોવાથી, CNPP ની ફંડિંગની તકની નોટિસમાં વિશિષ્ટરૂપે નીચે આપેલા સેવા વંચિત અને/અથવા બિન રજૂઆત કરાયેલા વિભાગોને સ્વીકારવામાં આવ્યા છે:

- સામાજિક અને આર્થિક રીતે વંચિત નાના વ્યવસાયો
- આલાસ્કાના મૂળ વતની અને સ્વદેશી
- એશિયન અમેરિકન
- અશ્વેત અને આફ્રિકન અમેરિકન
- હિસ્પેનિક અને લેટિનક્સ
- મધ્ય પૂર્વીય
- અમેરિકન મૂળ વતની
- હવાઇના મૂળ વતની અને પ્રશાંત ટાપુઓના રહેવાસી
- ઉત્તર આફ્રિકન

- આદિવાસી સમુદાયો
- ગ્રામીણ ઉદ્યોગસાહસિકો
- વિકલાંગતા ધરાવતા ઉદ્યોગસાહસિકો
- LGBTQ ઉદ્યોગસાહસિકો
- નિવૃત્ત જવાનો અને સૈન્યના ઉદ્યોગસાહસિકો (જીવનસાથી સહિત)
- મહિલા ઉદ્યોગસાહસિકો
- આવિષ્કારી સ્ટાર્ટઅપ
- માઇક્રો વ્યવસાયો
- સામાજિક અને આર્થિક રીતે વંચિત નાના વ્યવસાયો

**4. કેવી રીતે સામુદાયિક નેવિગેટર્સને પસંદ કરવામાં આવ્યા હતા?**

પુરસ્કાર પ્રાપ્તકર્તાઓની પસંદગી સઘન સમીક્ષા પ્રક્રિયાના આધારે કરવામાં આવ્યા હતા. પ્રારંભિક પાત્રતા સમીક્ષા કર્યા પછી, 20 પ્રાદેશિક ટેકનિકલ મૂલ્યાંકન પેનલોમાંથી કોઇ એક દ્વારા અરજીઓને સ્કોર આપવામાં આવ્યો હતો, જેમાં દરેક પેનલનું નેતૃત્વ ફિલ્ડ ઓપરેશન્સ ઓફિસના પ્રતિનિધિ દ્વારા કરવામાં આવે છે. ભૌગોલિક અને સેવા વિભાગો.

એકવાર આ સમીક્ષાનો તબક્કો પૂર્ણ થઈ ગયા પછી, સમીક્ષાના 2જા રાઉન્ડમાં વરિષ્ઠ-સ્તરના SBA કર્મચારીઓનો સમાવેશ થાય છે જેમણે પેકેજોનું વધુ મૂલ્યાંકન કર્યું હતું. પસંદગીના આ માપદંડમાં ફક્ત ટેકનિકલ મૂલ્યાંકન પેનલોનો સ્કોર જ નહોતો સામેલ કરવામાં આવ્યો પરંતુ ભૌગોલિક વિવિધતા અને સેવા વિભાગોની વિવિધતા પણ સામેલ કરવામાં આવ્યા હતા.

**5. નિષ્પક્ષ રીતે પુરસ્કાર મેળવનારાઓની પસંદગી થાય તેની કેવી રીતે SBA ખાતરી કરી?**

નિષ્પક્ષ રીતે પસંદગી પ્રક્રિયા થાય તેની ખાતરી કરવા માટે SBA દ્વારા કેટલાક માપદંડો અમલમાં મૂકવામાં આવ્યા છે. SBAના અધિકારીઓની ટીમ ("પુરસ્કાર આપનાર પેનલ") ઘનિષ્ઠ વિગતો અને એકીકૃતતા સાથે આ પ્રક્રિયાના દરેક પગલાં પર ધ્યાન આપ્યું છે. સામુદાયિક નેવિગેટર પાઇલોટ કાર્યક્રમ અમલીકરણ ટીમ દ્વારા વિગતવાર પદ્ધતિ અને સમીક્ષા પ્રક્રિયા તૈયાર કરવામાં આવી છે જેની સમીક્ષા SBA ઓફિસ ઓફ જનરલ કાઉન્સેલ દ્વારા કરવામાં આવી છે અને નિષ્પક્ષતા તેમજ સમાનતા સુનિશ્ચિત કરવા માટે તેનો અમલ કરવામાં આવ્યો છે. પુરસ્કાર આપનાર પેનલે તેની મૂલ્યાંકન અને

પસંદગી પ્રક્રિયા પહેલાં ગર્ભિત પૂર્વગ્રહની તાલીમ પણ લીધી હતી. ટેકનિકલ મૂલ્યાંકન પેનલો દરમિયાન, અમે ખાતરી કરી હતી કે દરેક પેનલ પર ફિલ્ડ ઓફિસ પ્રતિનિધિઓ તેમના પોતાના પ્રદેશમાં દરખાસ્તોની સમીક્ષા ના કરે.

### 6. પાત્રતા માપદંડ શું હતો?

જેઓ સામુદાયિક નેવિગેટર કાર્યક્રમ ગ્રાન્ટ માટે અરજી કરવા માટે પાત્રતા ધરાવતા હતા તેમાં ખાનગી બિનફાકારક સંગઠનો, સંસાધન ભાગીદારો, રાજ્યો, આદિજાતિઓ અને સ્થાનિક સરકારના એકમો હતા. અરજી કરવા માટેની પાત્રતા અને કેવી રીતે અરજી કરવી તે અંગે વધુ માહિતી માટે, અહીં જુઓ.

### 7. કેટલા સંગઠનોએ ગ્રાન્ટ્સ માટે અરજી કરી છે?

અમને 656 સંગઠનો પાસેથી 745 અરજી મળેલી છે. ડુપ્લિકેટ અરજીઓ અને બિનલાયકાત ધરાવતા હોય તે પ્રકારના વ્યવસાયોને દૂર કર્યા પછી, 502 અરજીઓની સમીક્ષા કરવામાં આવી હતી અને સ્કોર આપ્યો હતો. 502 અરજીઓમાંથી, 51ને ફંડિંગ માટે પસંદ કરવામાં આવી હતી.

### 8. પુરસ્કાર પ્રાપ્તકર્તાઓ કેટલા છે અને તેઓ ક્યાં સ્થિત છે?

51 પુરસ્કાર પ્રાપ્તકર્તાઓ છે જેમની વહેંચણી નીચે મુજબ ટીઅર્સ અનુસાર છે:

- ટીઅર 1: 8 પુરસ્કાર પ્રાપ્તકર્તાઓ (પ્રત્યેક પુરસ્કાર માટે મહત્તમ $5M)
- ટીઅર 2: 11 પુરસ્કાર પ્રાપ્તકર્તાઓ (પ્રત્યેક પુરસ્કાર માટે મહત્તમ $2.5M)
- ટીઅર 3: 32 પુરસ્કાર પ્રાપ્તકર્તાઓ (પ્રત્યેક પુરસ્કાર માટે મહત્તમ $1M)

સામુદાયિક નેવિગેટર પાઇલોટ અનુદાન પ્રાપ્તકર્તાઓની યાદી જોવા માટે કૃપા કરીને www.sba.gov/navigators ની મુલાકાત લો.

### 9. જો અરજીકર્તાને પસંદ ના કરવામાં આવ્યા હોય તો તેઓ અપીલ કરી શકે?

ના. પાઇલોટ કાર્યક્રમ માટે કોઇ અપીલ પ્રક્રિયા નથી.

### 10. ભવિષ્યમાં ફંડિંગનો વધુ કોઇ રાઉન્ડ આવશે?

સામુદાયિક નેવિગેટર પાઇલોટ કાર્યક્રમને કોંગ્રેસ અને અમેરિકન રેસ્ક્યૂ પ્લાન એક્ટ દ્વારા અધિકૃતતા આપવામાં આવી હતી. હાલના સમયે ફંડિંગ માન્ય કરવા માટે કોઇ જ વધારાના રાઉન્ડ નથી.

### 11. સામુદાયિક નેવિગેટર્સ કેટલા સમય સુધી સક્રિય રહેશે?

પરફોર્મન્સનો સમયગાળો ડિસેમ્બર 1, 2021 – નવેમ્બર 30, 2023 સુધીનો છે

## 12. શું સામુદાયિક નેવિગેટર્સ હાલના SBA સંસાધનો સાથે નકલ થઇ રહ્યાં છે?

કોઇ જ પ્રકારની નકલ થઇ રહી નથી. સામુદાયિક નેવિગેટર પાઇલોટ કાર્યક્રમ SBAને તેમના પ્રયાસો વધુ વ્યાપક બનાવવા માટે સમર્થ બનાવે છે, તમામ સંભવિત સંસાધનોનો લાભ લે છે અને યુ.એસ. સ્મૉલ બિઝનેસ ઇકોસિસ્ટમની સૌથી મોટી પહોંચ ધરાવે છે. કાઉન્ટીઓમાં 7.9 મિલિયન કરતાં વધુ નાની સંસ્થાઓ (<500 કર્મચારીઓ)માંથી 20.7% કોઈપણ પ્રકારના SBA સેવા કેન્દ્ર વિનાની છે. સામુદાયિક નેવિગેટર પાઇલોટ કાર્યક્રમ અમને આ અંતરાય દૂર કરવા સેતૂ તરીકે મદદ કરશે.

SBDCs, SCORE, WBCs અને/અથવા VBOCs જેવા SBA સંસાધન ભાગીદારો CNPP ફંડિંગ માટે અરજી કરવા માટે પાત્રતા ધરાવતી સંસ્થાઓ હતી ત્યારે, CNPP પુરસ્કારના પ્રાપ્તકર્તાઓ અન્ય પુરસ્કારો સાથે કોઇપણ પ્રકારે આવતા ફંડિંગ તરીકે ના હોય તે આવશ્યક છે.

## 13. ગ્રાન્ટ્સનો યોગ્ય રીતે ખર્ચ થઇ રહ્યો છે તે ખાતરી કરવા માટે જવાબદારી અને દેખરેખના શું માપદંડો છે?

અમારા ઓફિસ ઓફ ફિલ્ડ ઓપરેશન્સના સ્ટાફમાં દરેકને એક સમુદાય પ્રભાવ સંપર્ક સોંપવામાં આવશે જે દરેક સામુદાયિક નેવિગેટર સાથે ભાગીદારી કરશે જેથી દેખરેખ પૂરી પાડવામાં આવે અને તેનું પાલન સુનિશ્ચિત થાય. અનુદાન પ્રાપ્તકર્તાઓ ત્રિમાસિક કામગીરી અહેવાલો અને વળતર માટે સંકળાયેલ વિનંતીઓ સબમિટ કરે છે.

## 14. શા માટે બધા રાજ્યોમાં હબ નથી?

કઇ અરજી સામુદાયિક નેવિગેટર હબ તરીકે સેવા આપવા માટે પાત્રતા ધરાવે છે તે નક્કી કરવા માટે તેની સઘન સમીક્ષા કરવામાં આવી હતી. હબ તરીકે પાત્રતા ધરાવતા 502 અરજદારોમાંથી અને અમારી ટેકનિકલ મૂલ્યાંક પેનલો દ્વારા તેમને સ્કોર આપવામાં આવ્યો હતો, એજન્સી સમીક્ષા પેનલોએ ભૂગોળ અને સેવા ક્ષેત્રોમાં વિવિધતાની ખાતરી કરીને સૌથી મજબૂત અરજીઓ નક્કી કરી હતી.

## 15. સ્પોક્સ ક્યાં આવેલા છે અને હું કેવી રીતે તેમનો સંપર્ક કરી શકુ?

ટીઅર 2 અને ટીઅર 3 પ્રોજેક્ટ્સ માટે, જ્યાં હબ હોય એ જ રાજ્ય અથવા કાઉન્ટીઓમાં સ્પોક્સ આવેલા હશે, જેમાં સરહદ પરના પડોશી રાજ્યો સાથે કેટલાક સંભવિત ઓવરલેપ રહેશે. ટીઅર 1 પ્રોજેક્ટ્સ માટે, કે જેઓ રાષ્ટ્રીય વ્યાપકતા ધરાવે છે, ત્યાં કેટલાક રાજ્યોમાં સ્પોક્સનું વિતરણ કરવામાં આવ્યું છે. અમારા હબ પ્રોજેક્ટ એવી વેબસાઇટ્સ બનાવશે જે દરેક પ્રોજેક્ટના ભૌગોલિક કવરેજની વિગતો આપે. હબ (અનુદાન પ્રાપ્તકર્તાઓ)ની યાદી માટે, કૃપા કરીને www.sba.gov/navigators ની મુલાકાત લો.

**16. સ્પોક્સને કેવી રીતે ભંડોળ આપવામાં આવે છે? કોણ નક્કી કરે છે? સ્પોક્સની વાત આવે ત્યારે SBA ની ભૂમિકા શું હોય છે?**

હબ સાથે SBAના અનુદાતા-અનુદાન પ્રાપ્તકર્તાનો સંબંધ હોય છે. હબ SBA અને તેમના સ્પોક્સ વચ્ચે મધ્યસ્થી તરીકે કામ કરે છે. સામુદાયિક નેવિગેટર અરજી પ્રક્રિયાના ભાગ રૂપે, હબ્સે પોતાની અને દરેક સ્પોક્સ વચ્ચે સહી કરેલા પ્રતિબદ્ધતા પત્રો અને ભંડોળ વિતરણ કરારો SBA ને પ્રદાન કર્યા છે. સામુદાયિક નેવિગેટર પાઇલોટ કાર્યક્રમ ભંડોળની તકોની નોટિસમાં સ્પોક્સ માટે લઘુતમ અને મહત્તમ ભંડોળની રકમો રેખાંકિત કરવામાં આવી છે.

**17. જો સ્પોક એક કોંગ્રેસનલ ડિસ્ટ્રિક્ટમાં હોય તો શું તેનો અર્થ એવો થાય કે, સેવાઓ, પહોંચ તે કોંગ્રેસનલ ડિસ્ટ્રિક્ટ માટે વિશેષ છે અથવા અન્ય કોંગ્રેસનલ ડિસ્ટ્રિક્ટની કોઇ વ્યક્તિ પાસે તે સ્પોક્સના સંસાધનોની ઍક્સેસ હોય છે?**

સ્પોક્સ વ્યૂહાત્મક રીતે આસપાસના વિસ્તારોમાં જ્યાં તેઓ જરૂરિયાતમાં હોય તેવા વ્યવસાયના માલિકો સુધી પહોંચી શકે તેમ હોય ત્યાં પહોંચશે. તેમની પહોંચ કોઇ ચોક્કસ કોંગ્રેસનલ ડિસ્ટ્રિક્ટ પૂરતી સિમિત નથી.